# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: આરતી ભટ્ટ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૨૯-૧૧-૨૦૨૪ શુક્રવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## મુ.મંત્રી-ખેડૂતોને પ્રમાણપત્ર:

પહેલી મે, 1960થી એટલે કે ગુજરાત અલગ રાજ્ય બન્યું ત્યારથી વિવિધ યોજનાઓમાં જે ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ હોય અને તેઓ ખેડૂત પ્રમાણપત્ર મેળવી ન શક્યા હોય તેવા ખેડૂતો હવે પ્રમાણપત્ર મેળવી શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ સ્વાગતમાં આ મુદ્દે થયેલી રજૂઆતને ધ્યાનમાં લઇને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા આ ઠરાવ પ્રસિદ્ધ થયાના એક વર્ષમાં પ્રમાણપત્ર મેળવવા માટે ખેડૂતો સંબંધિત કલેકટર સમક્ષ અરજી કરી શકશે.

મુખ્યમંત્રીએ વહીટવટીતંત્રને આ અંગેનો ઠરાવ પ્રસિદ્ધ કરવાનો નિર્દેશ આપ્યો છે. ખેડૂતો તરફથી અરજી મળ્યા પછી સંબંધિત કલેકટર દ્વારા જાતે ખરાઈ કરીને ખેડૂત પ્રમાણપત્ર જારી કરવામાં આવશે. આવું પ્રમાણપત્ર મળ્યાના ત્રણ વર્ષમાં જે તે ખેડૂતને જમીન ખરીદી કરી લેવાની રહેશે.

- (RNU અમદાવાદ)

---

## ધોરડો રણઉત્સવ જાહેરનામુ:

દર વર્ષની જેમ આ વર્ષે ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવેલું છે. રણ ઉત્સવ વિસ્તારમાં આવતા પ્રવાસીઓ જાણતા-અજાણતા રણ વિસ્તારની અંદર પોતાના વાહનો લઈ જતા હોય છે જેના કારણે ઘણીવાર વાહનો ફસાઈ જતા તેમને રેસ્કયુ કરવાની ફરજ પડે છે અને તેના લીધે સફેદ રણની સુંદરતા, સ્વચ્છતા, પર્યાવરણીય પરિસ્થિતિને નુકશાન થાય છે. આ પરિસ્થિતિના નિવારણ માટે અને સફેદ રણની સુંદરતા ,સ્વચ્છતા, પર્યાવરણીય પરિસ્થિતિ જાળવી રાખવા માટે સફેદ રણ અને તેને સંલગ્ન વિસ્તાર ખાનગી વાહનો માટે **"Restricted Zone"** તરીકે જાહેર કરવો જરૂરી જણાય છે. જીલ્લા કલેકટર અમિત અરોરાએ જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં, ધોરડો રણ ઉત્સવ ખાતે સબરસ બસ સ્ટેશનથી વોચ ટાવર સુધીના વિસ્તારમાં તથા વોચ ટાવરની આસપાસના સફેદ રણ વિસ્તારમાં ખાનગી વાહનોના પ્રવેશ ઉપર સંપૂર્ણ

પ્રતિબંધ મુક્યો છે. તેમજ ધોરડો રણ ઉત્સવ વિસ્તાર ખાતે નિયત સમિતિ પાસે રજિસ્ટ્રેશન કરાવ્યા સિવાય અનઅધિકૃત રીતે ચાલતી ઘોડે સવારી અને ઊંટ સવારી ઉપર પ્રતિબંધ મુક્યો છે. આ જાહેરનામું તા.૨૭ જાન્યુઆરી ૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## કળા મહાકુંભ-૨૦૨૪-૨૫ :

રાજ્ય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ,ગાંધીનગર દ્વારા જીલ્લામાં કલા સંસ્કૃતિથી લોકો માહિતગાર થાય તે હેતુથી "કલા મહાકુંભ- ૨૦૨૪-૨૫" નું આયોજન થનાર છે.

આ વર્ષે કલા મહાકુંભમાં કુલ ૩૭ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ અને કુલ ચાર વયજૂથ ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૫૯ વર્ષ અને ૬૦ વર્ષથી ઉપરના વયજૂથમાં સ્પર્ધા યોજાશે.

આ સ્પર્ધામાં વધુમાં વધુ કલાકારો ભાગ લે તે માટે તમામ શાળાઓ , કોલેજો તથા વિવધ સંસ્થાઓ તેમજ ભણતા કે ન ભણતા કલાકારોએ કલા મહાકુંભની વિગતવાર ફોર્મ નિયમો તથા પ્રવેશપત્ર જિલ્લા યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, ભુજ ખાતેથી નિયત નમૂનામાં પ્રવેશપત્ર મેળવી તા.૨૦ ડીસેમ્બર ૨૦૨૪ સુધીમાં કચેરી સમયે ફોર્મ સાથે આધાર કાર્ડ અને બેંક પાસબુકની નકલ સામેલ રાખી જમા કરાવવાનું રહેશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી,કચ્છ-ભુજની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## અબડાસા-પેરપોક્ષ વાયરસ:

અબડાસા તેમજ બન્ની વિસ્તારમાં ગાય, ભેંસોમાં મીલ્કર્સ નોડયુલ્સ, પાકલો, પાચેડો નામની બીમારીના કેસ જોવા મળે છે. પેરાપોક્ષ નામના વાયરસથી થતી આ બીમારી સામે તકેદારી રાખવા તંત્રએ તાકીદ કરી છે. આ રોગમાં મુખ્ય રીતે આઉ , આંચળમાં ચાંદા પડે છે. રોગનો ફેલાવો મુખ્ય રીતે એક પશુમાંથી બીજા પશુમાં પશુપાલક દ્વારા ખુલ્લા હાથે દોહવાથી થાય છે.

આ રોગને ફેલાતો અટકાવવા માટે દરેક પશુનાં આઉ તથા આંચળને પાણીથી ધોવા અને ત્યારબાદ દૂધ દોહન કર વું, તથા બિમાર પશુને જ્યાં ચાંદા હોય તે જગ્યાએ ઝીંક ઓક્ષાઈડનો પાઉડર કોપરેલ તેલમાં મીક્ષ કરી લગાવવો અને વધુ સારવાર માટે નજીકનાં પશુ દવાખાનાનો સંપર્ક કરવા નાયબ પશુપાલન નિયામક દ્વારા તાકીદ કરાઇ છે.

- (NP, આરતી ભટ્ટ)

---

## ભચાઉ-કોકેઇન જથ્થો:

જીલ્લામાં એક કરોડ 47 લાખ રૂપિયાનાં કોકેઇનનો જથ્થો પકડાયો છે. આજે સવારે ભચાઉના લાકડીયા પાસે કોકેઈન ડ્રગ્સ સાથે ચાર લોકોને પોલીસે ઝડપી પાડ્યા છે. પંજાબના ભટીન્ડાથી માદક પદાર્થ વેચવા આવેલી બે મહિલા સહિત ચાર વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. અગાઉથી મળેલી બાતમીને આધારે પૂર્વ કચ્છ પોલીસે આ કાર્યવાહી હાથ ધરી હતી . પૂર્વ કચ્છમાં એક સપ્તાહમાં કોકેઈન નો બીજો જથ્થો ઝડપાયો છે.

- (RNU અમદાવાદ)

---